# કાલાવડના મે.જયુડી. મેજી.ફ.ક.સાહેબની કોટમાં,કાલાવડ

**ફોજદારી કેસ નં.૧૫૬૫/૨૦૨૨**
**આંક-૦૪**

ફરીયાદી :- શ્રી સરકાર
વિરુધ્ધ
આરોપી :- જીવરાજભાઈ રવજીભાઈ રાઠોડ
રહે. મોટી માટલી, તા. કાલાવડ, જી. જામનગર.

**ગુનો :- જી.પી.એકટની કલમ ૧૩૫(૧) મુજબ**

**ચુકાદો**

૧. આ કામના આરોપી સામે ફરીયાદ પક્ષના કેસ મુજબ ચાર્જશીટના કોલમ નં. ૫ મુજબનો ગુન્હો કરેલ હોવાથી આરોપી સામે જી.પી.એકટની કલમ ૧૩૫(૧) મુજબનો ગુન્હા માટે પોલીસે ચાર્જશીટ રજુ કરેલ છે.

૨. ચાર્જશીટના આધારે આ કામના આરોપી ને કિ.પ્રો.કોડ ની કલમ ૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલ પુરી પાડવામાં આવેલ અને પ્લી રેકર્ડ કરતા જેમાં આરોપીએ પોતાની સામેના ગુનો સ્વેચ્છાએ કબુલાત પુરસીશ જાહેર કરી કબુલ કરતા હોય અને આ કામના આરોપીએ ગુન્હો કબુલાત પુરશીશ રજુ કરેલ છે.તે ધ્યાને લેતા, તેમાં તેમણે ભવિષ્યમાં ગુન્હો નહીં બને તેની ખાત્રી આપી છે,તેથી આરોપીની ગુન્હા કબુલાત સાચી અને સ્વેચ્છીક હોય નહી માનવાને કોઈ કારણ નથી. આરોપીનો આ પ્રથમ ગુન્હો છે, અને થયેલ ગુન્હા બદલ પસ્તાવો પ્રગટ કરે છે. તથી આ કામના આરોપીની ગુન્હા કબુલાતના આધારે જ તેઓ તકસીરવાન ઠરતા હોય, નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**-: હુકમ :-**

આરોપીને ક્રિ.પ્રો. કોડની કલમ-૨૫૨ અન્વયે આરોપીને જી.પી કોડની કલમ ૧૩૫(૧)ના ગુનામાં દોષીત ઠરાવી **રૂ.૧૦૦/- (એક સો રૂપીયા પુરા)**નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ જમા કરવવામાં કસુર કરે તો **દિન-૧** ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામે કબ્જે કરવામાં આવેલ મુદામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામા આવે છે.

આજ રોજ તા.૧૨ મી માહે નવેમ્બર સને ૨૦૨૨ ના રોજ વાંચી સંભળાવી જાહેર કર્યો.

કાલાવડ
તા.૧૨-૧૧-૨૦૨૨
સ્પે. સીટીંગ

(આર.કે.તંવર)
જયુડી. મેજી.ફસ્ટ કલાસ,કાલાવડ
GJ01335

દંડ રજી. નં...............પો.બુક નં..............
થી રૂા.૧૦૦/- અંકે રૂપીયા એકસો પુરા જમા લીધા.
તા.૧૨/૧૧/૨૦૨૨

નાઝીર